# કચ્છ અને સૌરાષ્ટ્રમાં લમ્પીનો કાળો કહેર

## પશુઓના મોતનું તાંડવ : માત્ર પશુપાલનથી ઘર ચલાવતા પરિવારો પર દુઃખનો પહાડ તૂટ્યો : ભાવનગર, જેસર અને મહુવાને બાદ કરતાં તમામ તાલુકાઓમાં ફેલાયેલા લમ્પી વાયરસને ફેલાતો અટકાવવા માટે ઝુંબેશ

ભાવનગર, તા.૨

ભાવનગર જિલ્લાના વધુ ૫ તાલુકા મળી કુલ ૭ તાલુકાઓમાં લમ્પી વાયરસ પ્રસરી ગયો છે, અનેક ગૌવંશના મોત થઈ રહ્યા છે, તંત્ર દ્વારા ૫૦ થી વધુ ટીમો બનાવી કામગીરી કરવામાં આવી રહી છે, પરંતુ તેમ છતાં લમ્પી વાયરસના કારણે જિલ્લામાં સેંકડો પશુઓના મોત થઈ ચૂક્યા છે. પરંતુ સરકારી ચોપડે માત્ર ૨૫ પશુઓના મોત નોંધાયા છે. ત્યારે ભાવનગર, જેસર અને મહુવાને બાદ કરતાં તમામ તાલુકાઓમાં ફેલાયેલા લમ્પી વાયરસને ફેલાતો અટકાવવા પશુપાલન વિભાગ દ્વારા સઘન રસીકરણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ભાવનગર જિલ્લામાં અનેક પશુપાલકો ખેતીની જમીન કે બીજા કોઈ વ્યવસાય વગર માત્ર પશુપાલન થકી દૂધ ઉત્પાદન કરી પોતાના પરિવારનું ભરણપોષણ કરી જીવન નિર્વાહ કરી રહ્યા છે. એવા જ એક પશુપાલક છે રંઘોળા ગામના હમીરભાઈ ભરવાડ કે જેની પાસે ખેતી કરવા માટે નથી કોઈ જમીન કે નથી પરિવારનું ગુજરાન ચલાવવા માટે બીજો કોઈ રોજગાર. તેઓનો સમગ્ર પરિવાર માત્ર પશુપાલન પર નિર્ભર છે. હમીરભાઈ અને તેના ચાર ભાઈઓના નાના, મોટા અને વડીલો મળી કુલ ૪૫ લોકોનો સંયુક્ત પરિવાર માત્ર પશુપાલન પર નિર્ભર છે. સરકારી ગોચર જમીનમાં પોતાની ગાયો ચરાવી દૂધ ઉત્પાદન થકી તેઓ પરિવારનું ગુજરાન ચલાવે છે, તેઓના સંયુક્ત કુટુંબમાં બધી મળી કુલ



૨૦૦ થી વધુ નાની મોટી ગાયો છે, અને આ ૨૦૦ ગાયોનું પેટ ભરવા તેઓ દિવસભર પશુધન સાથે ગૌચરની જમીન અને સીમ વિસ્તારમાં ચરાવવા નીકળી પડે છે, પરંતુ હાલ તેઓના પરિવાર પર લમ્પી નામની આફત મંડરાઈ રહી છે, તેમની પાસે રહેલી ૨૦૦ ગાયો પૈકી ૧૦૦ જેટલી ગાયોમાં લમ્પી વાયરસ પ્રસરી જતાં બીમાર પડી છે. તેમજ અનેક ગાયોનો લમ્પી વાયરસે ભોગ લઈ લીધો છે. ઝી મીડિયાની ટીમે રંઘોળા ગામે પહોંચી હમીરભાઈ સાથે વાતચીત કરી હતી, જેમાં તેઓએ કહ્યું કે જો આમને આમ ચાલ્યા કરશે તો તેઓનું કીમતી પશુધન બરબાદ થઈ જશે, તેમજ પરિસ્થિતિ અંગે ભીતિ વર્ણવતા સરકાર પાસે મદદની ગુહાર લગાવી છે. ભાવનગર જિલ્લાના ૭ તાલુકાઓના અનેક ગામોમાં વ્યાપક રીતે ફેલાયેલા લમ્પી વાયરસના કારણે કીમતી પશુધનને નજર સામે મરતું જોઈ પશુપાલકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે, માત્ર ઉમરાળા તાલુકાના ધરવાળા, લીમડા અને રંઘોળા ગામમાં કુલ મળી ૧૦૦ થી વધુ પશુઓના મોત થયા હોવાનું પશુપાલકો જણાવી રહ્યા છે, તો બીજી બાજુ જિલ્લાનું પશુપાલન વિભાગ પણ લમ્પી વાયરસ ને આગળ વધતો અટકાવવા સઘન રસીકરણ ઝુંબેશ ચલાવી રહ્યું છે, જેમાં જિલ્લાના ૨.૫૦ લાખ પશુધન સામે હાલ ૨૦ હજાર જેટલા તેમજ જિલ્લાની સર્વોત્તમ ડેરી દ્વારા ૮૫ હજાર ડોઝ પશુપાલન વિભાગ ને આપવામાં આવ્યા છે. હાલ ભાવનગર જિલ્લામાં લમ્પીના કહેરની વાત કરીએ તો ગારિયાધારના ૨૩ ગામ, ઉમરાળાના ૧૩ ગામ, ઘોઘાના ૧ ગામ, તળાજાના ૨ ગામ, વલભીપુરના ૧૦ ગામ, સિંહોરના ૮ ગામ, પાલીતાણાના ૧૦ ગામમાં લમ્પી વાયરનો કહેર જોવા મળી રહ્યો છે.

## મુખ્યમંત્રી લમ્પી સ્કીન ડિસીઝ અસરગ્રસ્ત કચ્છની મુલાકાતે



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રાજ્યના પશુધનમાં વ્યાપક પ્રમાણમાં જોવા મળેલા લમ્પી સ્કીન ડિસીઝથી અસરગ્રસ્ત કચ્છ જિલ્લાની મુલાકાતે પહોંચ્યા હતા. કૃષિ અને પશુપાલન મંત્રી રાઘવજી પટેલ પણ તેમની સાથે જોડાયા હતા. તેમણે કચ્છ જિલ્લામાં આ રોગથી અસરગ્રસ્ત પશુઓને અલાયદા રાખવા માટેના આઈસોલેશન સેન્ટરની ભૂજ ખાતે મુલાકાત લીધી હતી. સમગ્ર જિલ્લામાં ૩૭૮૪૦ પશુઓ લમ્પી સ્કીન ડિસીઝથી અસરગ્રસ્ત થયેલાં છે. આવાં અસરગ્રસ્ત પશુઓને ક્વોરેન્ટાઈન કરીને આઈસોલેશનમાં રાખવા માટે જિલ્લાના ૧૦ તાલુકાઓમાં ૨૬ જેટલાં આઈસોલેશન સેન્ટર ઊભાં કરવામાં આવ્યાં છે. ભૂજ આઈસોલેશન સેન્ટરની નિરીક્ષણ-મુલાકાત લઈ પશુધનને અપાઈ રહેલી સારવાર-સંભાળની જાણકારી મેળવી હતી. કચ્છ જિલ્લામાં લમ્પી સ્કીન ડિસીઝને વધુ ફેલાતો અટકાવવા અત્યાર સુધી સવા બે લાખથી વધુ પશુધનનું રસીકરણ પશુપાલન વિભાગ અને જિલ્લા તંત્ર દ્વારા હાથ ધરવામાં આવ્યું છે.

# અદાણીનો ઔદ્યોગિક 5G સ્પેસમાં પ્રવેશ

અદાણી ઉદ્યોગ સમૂહના ડીજીટલ કનેક્ટીવિટી સોલ્યુશનના અંગ એવી અદાણી ડેટા નેટવર્ક્સ લિ.(ADNL), એ ૨૬ GHz મીલીમીટર વેવ બેન્ડમાં સ્પેક્ટ્રમના ૪૦૦ MHzનો ઉપયોગ કરવા માટેના અધિકાર મેળવ્યા છે. ભારત સરકારના ટેલિકોમ્યુનિકેશન્સ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી સૌપ્રથમ 5G ની નિલામીમાં અદાણી ડેટા નેટવર્કસ લિ.એ ૨૦ વર્ષ માટે સ્પેક્ટ્રમ પ્રાપ્ત કર્યું છે. નવા હસ્તગત કરાયેલા આ 5G સ્પેક્ટ્રમથી એક એકીકૃત ડિજિટલ પ્લેટફોર્મ બનાવવામાં મદદ મળવાની અપેક્ષા સાથે અદાણી સમૂહના પોતાના મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર, પ્રાથમિક ઉદ્યોગ અને બિઝનેસનું ટુ કસ્ટમર બિઝનેસ પોર્ટફોલિયોના ડિજિટાઈઝેશનની ગતિ અને પહોંચને વેગ આપશે. ડિજિટલ સક્ષમતાના પ્રવેગથી મિલ્કતો પરના વળતરના દરમાં ભૌતિક લાંબા ગાળાનો સુધારો થશે.



૪૦૦MHz સ્પેક્ટ્રમની પ્રાપ્તિ એ તેના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પોર્ટફોલિયોને એકીકૃત કરવા તરફનું અદાણી સમૂહનું પ્રથમ પગલું છે, જેમાં ડેટા સેન્ટર્સ, ટેરેસ્ટ્રીયલ ફાઈબર અને સબમરીન કેબલ્સ, ઈન્ડસ્ટ્રીયલ ક્લાઉડ, AI ઈનોવેશન લેબ્સ, સાયબર સિક્યોરિટી અને સુપર એપ્સનો સમાવેશ થાય છે.

અદાણી સમૂહના ડિજિટલ કનેક્ટિવિટી સોલ્યુશન્સના એક અંગભૂત એવી અદાણી ડેટા નેટવર્ક્સ લિમિટેડ એ અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ દ્વારા આરંભાયેલો એક નવો વ્યવસાય છે. આ કંપની ડેટા કેન્દ્રો, કેબલ લેન્ડિંગ મથકો, ઈન્ટરનેટ એક્સચેન્જો અને ક્લાઉડ નેટવર્ક નોડ્સ ઈન્ટરકનેક્ટેડ સંકલિત ઉકેલો પહોંચાડવા માટે સબમરીન કેબલ અને ટેરેસ્ટ્રીયલ ફાઈબર ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવે છે.અદાણી ડેટા નેટવર્ક્સ લિ.નું મુખ્ય મથક ભારતના અમદાવાદમાં છે.

# લોકડાઉન હટ્યું અને ગુનાનું પ્રમાણ વધ્યું

## ચોરી, અપહરણ, હત્યાઓ જેવી ઘટનાઓ વધી : અમદાવાદમાં ૨૦૨૧માં ૪૪ હત્યાઓ નોંધાઈ હતી જે ૨૦૨૨માં વધીને ૪૮ થઈ

અમદાવાદ, તા.૨

ગુજરાત રાજ્યના તેમજ અમદાવાદ સહિતના મોટા શહેરોના ગુનાહિત પ્રવૃત્તિઓના આંકડા સામે આવ્યા છે. આ રિપોર્ટ અનુસાર, ગુજરાત રાજ્યની વાત કરીએ કો ગત વર્ષે જાન્યુઆરીથી જૂન મહિના સુધી જેટલી હત્યા થઈ હતી તેમાં એક ટકાનો ઘટાડો થયો છે. પરંતુ જો અમદાવાદ શહેરની વાત કરવામાં આવે તો વર્ષ ૨૦૨૧માં શહેરમાં કુલ ૪૪ હત્યાઓ નોંધાઈ હતી જે ૨૦૨૨માં વધીને ૪૮ થઈ ગઈ છે. ગુજરાત રાજ્યમાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે પ્રથમ છ મહિનાઓ દરમિયાન હત્યાનો પ્રયાસ, લૂંટ વગેરે જેવી ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેરમાં વર્ષ ૨૦૨૧માં ૧૪ હત્યાના કેસ નોંધાયા હતા જેની સરખામણીમાં ૨૦૨૨માં અત્યાર સુધી ૨૪ કેસ નોંધાયા છે. અમદાવાદ, રાજકોટ અને વડોદરામાં વર્ષના શરુઆતના મહિનાઓમાં હત્યાના પ્રયાસની ઘટનાઓ પણ વધી છે. સુરત સહિત ઉપરોક્ત ત્રણ શહેરોમાં આવા ૧૩૯ કેસ નોંધાયા છે જેની સંખ્યા વર્ષ ૨૦૨૧માં ૧૧૬ હતી. માત્ર અમદાવાદ શહેરની વાત કરીએ તો વર્ષ ૨૦૨૧માં જ્યારે મોટા ગુનાઓની સંખ્યા ૭૦૦૯ હતી ૨૦૨૨માં તે વધીને ૧૧૬૫૧ થઈ ગઈ છે. ગુજરાત સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા અનુસાર, રાજ્યમાં વિવિધ પ્રકારના ગુનાઓમાં સૌથી મોટો વધારો અપહરણના ગુનામાં જણાયો છે. વર્ષ ૨૦૨૧માં જ્યાં ૬૪૯ કેસ નોંધાયા હતા તે વધીને ૨૦૨૨માં ૯૩૩ થઈ ગયા છે. જો હત્યા અને હત્યાના પ્રયાસના ગુનાની વાત કરવામાં આવે તો, ઉચ્ચ પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, મોટાભાગના કેસમાં પરિવારના સભ્યો જ તેની સાથે સંકળાયેલા હોય છે. કોરોના મહામારી પછી હત્યા અને હત્યાના પ્રયાસના ૧૫ ટકા કેસ એવા હોય છે જેમાં કારણ કોરોનાને કારણે ઉભી થયેલી નાણાંકીય કટોકટીની સ્થિતિ હોય છે. એક ઉચ્ચ પોલીસ અધિકારીએ જણાવ્યું કે, ૨૦૨૧માં લોકડાઉનની સ્થિતિ હતી અને કર્ફ્યુ લાગુ કરવામાં આવ્યો હતો. નિયમોનું પાલન થાય તે સુનિશ્ચિત કરવા માટે સડકો પર પોલીસ હાજર હતી, માટે ક્રાઈમ રેટમાં પણ ઘટાડો નોંધાયો હતો. પણ ૨૦૨૧માં સ્થિતિ સામાન્ય થતાં જ ગુનેગારો પણ કાર્યરત થઈ ગયા હતા. પરંતુ અમદાવાદ પોલીસ એલર્ટ મોડમાં છે. હત્યાના ઘણાં ઓછા કેસ એવા છે જેનું નિરાકરણ નથી આવ્યું. નામ જાહેર ન કરવાની શરતે એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, અમે જોયું કે નજીવી બાબતે શરુ થનારી લડાઈ મોટું રૂપ લઈ લેતી હોય છે. જેના કારણે ગુનાઓની સંખ્યા વધે છે. શાળા-કોલેજો શરુ થઈ જતાં અપહરણના કેસ પણ વધ્યા છે. ખાસકરીને ૧૫થી ૧૮ વર્ષની ઉંમર ધરાવતી શાળા-કોલેજ જતી વિદ્યાર્થિનીઓને ટાર્ગેટ કરવામાં આવે છે.



વરસાદની ઋતુમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન ઠેર ઠેર કરવામાં આવે છે. વરસાદમાં વૃક્ષોનો ઉછેર કરાતા તે ઝડપથી મોટા થવા લાગે છે. હાલમાં વરસાદી મોસમ ચાલી રહી હોવાથી વૃક્ષારોપણ કાર્યક્રમોનું આયોજન પણ ઠેર ઠેર થઈ રહ્યું છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓએ મુક્તિધામ ખાતે વૃક્ષારોપણ કર્યુ હતુ અને પર્યાવરણ પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## અદાણીએ CNGના ભાવમાં કર્યો વધારો

ગુજરાતમાં અદાણીએ ફરી એક વખત સીએનજીના ભાવમાં વધારો કર્યો છે. સીએનજી ગેસમાં ૧.૯૯ રૂપિયાનો ભાવ વધારો ઝીંકાયો છે. ત્યારે સીએનજીનો જૂનો ભાવ ૮૩.૯૦ રૂપિયાથી વધારી આજથી નવો ભાવ ૮૫.૮૯ રૂપિયા લાગુ થશે. આજથી આ નવો ભાવ અમલી થશે. જેથી નાગરિકોના ખિસ્સા પર બોજ પણ વધશે. દેશમાં સતત વધી રહેલી મોંઘવારીએ જનતાની કમરતોડી નાખી છે. પેટ્રોલ-ડીઝલ, સીએનસી, રસોઈ ગેસ, શાકભાજી, દૂધ સહિત ખાવા-પીવાની વસ્તુના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે. મોંઘવારીથી જનતા ત્રસ્ત છે. જીવન જરૂરિયાતની દરેક વસ્તુઓના ભાવ પણ આસમાને પહોંચી ગયા છે. ત્યારે હવે અદાણીએ ગેસના ભાવ વધાર્યા છે. લાંબા સમયથી પેટ્રોલ-ડીઝલ અને એલપીજી ગ્રાહકોને મોંઘવારીનો માર પડવાનું શરૂ થઈ ગયું હતું. પેટ્રોલ તેમજ ડીઝલ પર હવે મોંઘવારીનો માર પડવાનું શરૂ થઈ ગયું છે. તે પહેલા જ સીએનજીના ભાવ વધવાની શરૂઆત થઈ ગઈ છે. ચૂંટણી પૂરી થઈ ત્યારથી ચૂંટણીના પરિણામ બાદ તેની અસર ભાવ પર પડવા લાગી છે.

# વિધાનસભાની ચૂંટણી માટે 'આપ'ના ૧૦ ઉમેદવાર જાહેર

## ગુજરાતના રાજકારણમાં પગ જમાવવા માંગતી આમ આદમી પાર્ટીનો વિધાનસભા ચૂંટણી પૂર્વે એક મોટો દાવ

અમદાવાદ, તા.૨

ભારતમાં કેન્દ્રનું સત્તાબિંદુ હાંસલ કરવા માટે ગુજરાતનો રસ્તો જ અપનાવવો પડે છે તેવી માન્યતાને પગલે હવે ગુજરાતના રાજકરણમાં પગ જમાવવા માંગતી આમ આદમી પાર્ટી વિધાનસભાની ચૂંટણી પૂર્વે એક મોટો દાવ ખેલવા જઈ રહી છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પાંચ મહિના પૂર્વે જ આપ અમુક બેઠકો પર ઉમેદવારોની જાહેરાત કરી છે. ગોપાલ ઈટાલિયાએ પ્રેસ કોન્ફરન્સ કરી આમ આદમી પાર્ટીના ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરવામાં આવી છે. કઈ કઈ બેઠક પણ કોણ ઉમેદવાર હેમા ચૌધરી દિયોદર બેઠક, સોમનાથ જગમાલા વાળા,અર્જુન રાઠવા છોટા ઉદેપુર, સાગર રબારી બેચરાજી, રાજકોટ ગ્રામ્ય વશરામ સાગઠીયા,સુરત કામરેજ રામ ધડૂક, રાજકોટ દક્ષિણ શિવલાલ બારસિયા, સુધીર વાઘાણી ગારીયાદાર, રાજેન્દ્ર સોલંકી બારડોલી, અમદાવાદ નરોડા ઓમપ્રકાશ તિવારી.

# અદાણી ફાઉન્ડેશન અને ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી વચ્ચે અદાણી પ્રકલ્પોના પ્રવાસ માટે કરાર




અમદાવાદ, તા.૨

અદાણી ફાઉન્ડેશન અને ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટી (GTU) વચ્ચે પ્રોજેક્ટ ઉડાન હેઠળ એમઓયુ કરવામાં આવ્યા છે. આ સમજૂતિ હેઠળ GTU સંલગ્ન કોલેજો અને સંસ્થાઓના વિદ્યાથીઓને અદાણી ગ્રુપ હેઠળ ચાલતા ઔદ્યોગિક પ્રકલ્પોની એક્સપોઝર ટુરનુ આયોજન કરવામાં આવશે. અદાણી ફાઉન્ડેશનના ચેરપર્સન ડૉ. પ્રિતી. જી. અદાણીની હાજરીમાં અમદાવાદની અદાણી વિદ્યામાં સ્કૂલમાં પ્રોજેક્ટ ઉડાન હેઠળ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ પ્રસંગે GTUના કુલપતિ પ્રો.(ડૉ.) નવીન શેઠ, અદાણી ફાઉન્ડેશનના ટ્રસ્ટી શ્રીમતી શિલિન આર. અદાણી ફાઉન્ડેશનના એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર વસંત ગઢવી,GTUના રજિસ્ટાર ડૉ. કે. એન. ખેર, GTUના આંતરરાષ્ટ્રીય સંબંધો વિભાગના ડૉ. કેયુર દરજી, અદાણી ગ્રુપના કોપોરેટ અફેર્સ તરફથી કુંતલ સંઘવી અને અદાણી ફાઉન્ડેશનના રાષ્ટ્રીય પ્રોજેક્ટ સંયોજક જીજ્ઞેશ વિભાંડિક ઉપજસ્થત રહ્યા હતા.

આ પ્રોજેક્ટ હેઠળ વિદ્યાથીઓને અદાણી ગ્રુપના વિવિધ ઔદ્યોગિક પ્રકલ્પો જેવા કે અદાણી પોર્ટ, અદાણી પાવર મુંદ્રા, હજીરા, દહાણુ, કવાઈ, તિરોડા અને ધામરા ખાતેની અદાણી વિલ્મર રિફાઈનરીની મુલાકાત માટે એક્સપોઝર ટુરનું આયોજન કરવામાં આવશે. એક્સપોઝર ટૂરનો મુખ્ય હેતુ વિદ્યાથીઓને ઉંચા સપના જોવા માટેની પ્રેરણા આપવાનો તેમજ બિઝનેસ વિશેની ઝાંખી કરાવવાનો છે. યુવાધનને ઉંચા સપના રખતુ થશે તો તેમાંથી ભવિષ્યના ઉદ્યમીઓને નવીનતા અને સફળતા હાંસલ કરવામાં મદદ મળશે અને આખરે તે રાષ્ટ્રજનિર્માણની પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવશે. ૨૦૧૦ થી ૨૦૧૯ સુધીમાં એટલે કે છેલ્લા ૧૦ વર્ષમાં ભારતના તમામ સ્થળોએ કુલ ૫,૨૬૧ પ્રવાસોનું આયોજન થયું છે. જેમાં અને ૩,૪૮,૮૩૧ વિદ્યાથીઓએ અદાણી ગ્રુપના પ્રકલ્પોની મુલાકાત લીધી છે. આ MoUમાં અદાણી બિઝનેસ સાઈટ્સ, મુન્દ્રા, હજીરા (ગુજરાત) અને દહાણુ (મહારાષ્ટ્ર)ને પણ આવરી લેવામાં આવશે.

### કોરોનાનો કહેર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દાખલ કરાયેલ ૧૯ વર્ષીય દિકરી રાજસ્થાનથી ૨૪ જુને જ પરત ફરેલ છે. તેનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં જે રીતે કેસો સામે આવી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાંથી તેમજ અગાઉની લ્હેરમાં સંવેદનશીલ બનેલા વિસ્તારોમાંથી કેસો સામે આવી રહ્યા હોવાથી તંત્રએ સર્વેલન્સને સઘન બનાવવા સૂચના આપી છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૪૧ કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૯ મહિલા અને ૮ દર્દી ૬૦ થી વધુ વયના છે. સરગાસણમાં ૯૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમણે સારવાર માટે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે પેથાપુર અને સે. ૨૯માં ૫-૫ કેસ, સરગાસણમાં ૪ કેસ, સે. ૭ માં ૩ કેસ, સે. ૨, ૬, ૨૦, ૩૦, બોરીજમાં ૨-૨ કેસ ઉપરાંત સે. ૧, ૩, ૪, ૮, ૧૨, ૧૩, ૨૨, ૨૩, ૨૪, ૨૫, જીઈબી, કુડાસણ, રાયસણ, વાવોલમાંથી પણ કેસ મળેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૪૦ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશનના નિયમની અમલવારી અસરકારક થાય તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા તાકીદ કરવામાં આવી છે.

શહેરમાં એક્ટીવ કેસ ૨૧૨ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે. શહેરમાં રિકવરી રેટ સારો છે તેમજ હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નવા ૩૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૬ મહિલા દર્દી અને પાંચ દર્દી ૬૦ થી વધુ વય ધરાવતા છે. કલોલ અર્બનમાં ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ સારવાર જરૂરી જણાતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૩ કેસ, ગાંધીનગરમાં ૮, માણસામાં ૧ અને કલોલમાં ૨૨ કેસ નોંધાયા છે.

ગાંધીનગર અને કલોલમાં લોકલ ટ્રાન્સમિશન વધી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ આ બન્ને તાલુકામાં સર્વેલન્સ વધારવા અને સઘન બનાવવા જણાવ્યુ છે.

દહેગામમાં આજે ધારીસણા, ખાનપુર અને હાલીસામાંથી કેસ મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં છાલા એ કોરોના માટે હોટસ્પોટ બનીને ઉભરી આવ્યુ છે. ત્યાંથી આજે વધુ ૪ કેસ ઉપરાંત ચિલોડા, લવારપુર, વલાદ અને ધણપ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાં પુંધરા ગામેથી એક કેસ મળેલ છે.

કલોલ તાલુકામાં કલોલ શહેરમાંથી ૭ કેસ, નારદીપુરમાંથી ૩, સઈજમાંથી ૫, પલિયડ અને ડિંગુચામાંથી ૨-૨ કેસ ઉપરાંત પાનસર, પલસાણા, ગોલથરામાંથી કેસ મળી આવ્યા છે. નારદીપુર, સઈજ તેમજ ડિંગુચા એ કોરોના માટે સંવેદનશીલ વિસ્તાર બનીને ઉભરી રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૩ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસ સાથે ૨૪૦થી વધુ દર્દીઓ હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ લોકો વધુ સ્વીકારી રહ્યા હોવાથી તંત્રએ આઈસોલેશનના નિયમોની અમલવારી સાથે મોનીટરીંગની કામગીરી સઘન કરવા સૂચના આપી છે. માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી પર ભાર મુકવા સાથે ટેસ્ટીંગ અને ટ્રેકીંગ પર પણ ભાર મુકી ખાસ સૂચનાઓ આપવામાં આવી છે.

### સુધારણાનું કામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નગરમાં મુખ્યમાર્ગોની સુધારણાનુ કામ હાથ ધરવામાં આવશે જયારે આ માટે આયોજન પણ કરવામાં આવી રહ્યુ છે. ગાંધીનગર શહેરના સેકટરોમાં પણ આંતરિક માર્ગોની દશા ખરાબ છે. મોટાભાગના માર્ગોને નિયત સમય પુર્ણ થઈ ગયો છે. જેના લીધે આમ પણ રસ્તાઓની હાલત ખરાબ છે. જયારે વરસાદી દિવસોમાં પાણી ભરાતા માર્ગો વધુ ઉબડ ખાબડ બન્યા છે. સેકટરોના આંતરિક માર્ગો ખરબચડા બનતા રોજબરોજ સેકટરવાસીઓ પણ હાલાકી વેઠી રહ્યા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ માર્ગ સલાતમી જોખમાઈ છે. શહેરમાં ગત વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષીને માર્ગ સુધારણાનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ પરંતુ વાઈબ્રન્ટનુ આયોજન પડતુ મુકાતા કોવિડના કહેર વચ્ચે માર્ગોની સુધારણા અને નવિનીકરણની કામગીરી પણ ઠપ્પ થઈ ગઈ હતી જયારે વરસાદી દિવસોના અંતે શહેર તેમજ જિલ્લાના વિવિધ માર્ગોની દશા સુધારવા માટે તંત્ર કામે લાગશે .

### માર્ગો ગયો

● અનુસંધાન પહેલાનું ચાલુ

થયેલા હુમલામાં ઝવાહિરીએ મોટી ભૂમિકા ભજવી હતી. ઉલ્લેખનીય છે કે, તે હુમલામાં અમેરિકાના ચાર ડોમેસ્ટિક વિમાનોને હાઈજેક કરીને તેમને ન્યૂ યોર્કના વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ટ્વિન ટાવર, વોશિંગ્ટન પાસે રક્ષા મંત્રાવય પેંટાગન અને પેંસિલવેનિયામાં ટકરાવવામાં આવ્યા હતા. આ હુમલામા લગભગ ૩ હજાર લોકોનાં મૃત્યુ થયા હતા. જો બાઈડને પોતાની આગામી ટ્વિટમાં લખ્યું તે, જે લોકો અમને નુકસાન પહોંચાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે તેમનાથી અમેરિકાના લોકોની સુરક્ષા કરવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ પ્રતિબદ્ધ છે. આજે અમે એક વાતની સ્પષ્ટતા કરવા માંગીએ છીએ- ભલે ગમે તેટલો સમય લાગી, ભલે તમે ગમે ત્યાં પણ છુપાવવાનો પ્રયત્ન કરો, અમે તમને શોધી લઈશું. અમેરિકાના એક અધિકારીએ નામ જાહેર ના કરવાની શરતે જણાવ્યું કે, અમેરિકાની સિક્રેટ એજન્સી ઝૈંછએ રવિવારના રોજ અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ પર ડ્રોન સ્ટ્રાઈક કરી હતી. આ હુમલામાં અયમાન અલ-ઝવાહિરીનું મૃત્યુ થયું છે. આ હુમલો અફઘાનિસ્તાનમાં કાઉન્ડર ટેરરિઝમ ઓપરેશન અંતર્ગત કરવામાં આવ્યો હતો. તાલિબાનના પ્રવક્તા ઝબીહઉલ્લાહ મુજાહિદે પણ આ હુમલાની પૃષ્ટિ કરી છે.

### સેવાઓ પૂર્ણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા છે જ્યારે ૧૧૧ બ્રીફ હોલ્ડર સિવિલની સેવાઓ પૂર્ણ કરવામાં આવી છે. ગુનાહિત પક્ષના ૧૪૧ સંક્ષિપ્ત ધારકોને હટાવામાં આવ્યા હતા જ્યારે ૪૭ વધારાના સરકારી વકીલોને પણ રજા આપવામાં આવી છે. આદેશ અનુસાર, લખનૌ બેંચની બે મુખ્ય સ્થાયી પરિષદની સેવા સમાપ્ત કરવામાં આવી છે. આ સાથે ૩૩ અધિક સરકારી વકીલોને પણ હટાવવામાં આવ્યા છે. લખનૌ બેંચના ગુનાહિત પક્ષના ૬૬ સંક્ષિપ્ત ધારકોને પણ દૂર કરવામાં આવ્યા છે. આ સિવાય ૧૭૬ સિવિલ બ્રીફ ધારકોને તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવ્યા છે. આ આદેશમાં ૫૯ એડિશનલ ચીફ સ્ટેન્ડિંગ કાઉન્સિલ અને સ્ટેન્ડિંગ કાઉન્સિલને હટાવવાનો પણ પ્રયાસ કરવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે, જાહેર કરાયેલા આદેશ પત્રમાં હટાવવાનું કારણ જણાવવામાં આવ્યું નથી પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારે પ્રર્ફોમન્સના આધારે આ તમામની સેવાઓ સમાપ્ત કરી દીધી છે.